# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




રેડ્યાં હતાં રક્ત એ રાષ્ટ્રભક્તો ને વંદન,
કરી ત્યાગ નોકરી એ કર્મીઓ ને વંદન,
વંદન એ માતાઓને જેણે જણ્યા શહીદો -
ગૌરવ-સ્વાતંત્ર્યનું રાષ્ટ્ર-ધ્વજને વંદન..
(પ્રજા-સત્તાક દિન)

## હાઈકુ

બોલતા નથી,
બંને ખૂલ્લા હૃદયથી -
'મન કી બાત'

છે બે ચાણક્ય!
ધ્વજ-વંદન સાથે
ફરકે 'આંખ'

## ચિંતન

**નાનૃષિઃ કુરૂતે કાવ્યં નારૂદ્રઃ ક્રમપાઠકઃ । ના દેવાંસો દદ્દાત્ય અન્નં ના વિષ્ણુઃ પૃથિવી પતિઃ ॥**

જે કાવ્યની રચના કરે છે અર્થાત સાહિત્યકાર-સર્જક-કવિ જે પ્રસંગ-ઘટના-બનાવથી તરત જ ભાવનાશીલ થઇ ભિંજાઇ જાય અને રચના થઇ જાય જેમ વાલ્મિકીથી હંસનું જોડું ખંડિત થતાં રામચરિતની (સંસ્કૃત)માં રચના થઇ ગઇ. એવા કવિ (કોઇપણ) ભલે ઋષિ દેખાવે-વેશથી-ઋષિ ન હોય પણ હૃદયથી તો એ ઋષિ જ છે.

જે નિયમિત ગ્રંથનું ક્રમસર પઠન-પાઠ કરે છે તે કથા-સત્સંગ કરે છે તે કલ્યાણકારી આત્મા જ છે.

જે અન્નનું દાન કરે ઓછે તે ભલે સામાન્ય માણસ હોવા છતાં 'દેવ' નો અંશ છે. ઉમાશંકર જોષીનું વૈશાખના બપોરનું અંતિમ પદ યાદ કરો. બેટા લખા - બટકુ મળે તો.. એ બટકામાંથી પિતા-પુત્રએ ખાધુ પણ થોડું કૂતરાંને પણ આપ્યું. આ છરી-ચપ્પુ સજનારો-દેવનો અંશ જ કહેવાય.

અને પૃથ્વીનો રાજા હોય (પ્રધાનપદે-અધિકારી પદે પહોંચ્યો હોય અત્યારે ગમે તેવો હોય પણ એ પૂર્વજન્મના કર્મોનાં ફળ સ્વરૂપે મળ્યું છે એ અત્યારે ભલે વિષ્ણુ સ્વરૂપ હોય કે ન હોય પણ વિષ્ણુનો અંશ તો છે જ.

## સુવિચાર

- હૃદય એટલે જ લાગણી અને ભાવનાની સૃષ્ટિ, જયાં હૃદયને ભગવાનનાં દર્શન થતાં હોય છે ત્યાં બુદ્ધિ અને મનને પથ્થરની મનને પથ્થરની મૂર્તિ દેખાય છે - **ભક્તિસૂત્ર**
- હોઠે આવેલા અમૃતને બુદ્ધિથી અને શંકાથી ઠોકર મારીને શંકાનું ઝેર માણસ પીતો રહે છે **- ડોંગરેજી**
- તારી પાસે સૂકો રોટલો હોય કે સૂકા-મેવા, કોઇ બીજાને તારા સુખ-દુખથી શું લેવા દેવા? તું જ ફક્ત તારા કારણમાં, તારી કર તું વાત... મનવા મૂક બધી પંચાત **- રાજેશ વ્યાસ**
- મન સ્થિર થાય એ જ પ્રાર્થના કરવી એ અને તેનો સૌથી ટૂંકો રસ્તો છે સમર્પણ **- પૂજ્ય મોટા**
- શરીરમાંથી જોનારો ભગવાન છે એ જ આત્મા છે, એ જ દ્રષ્ટા છે અને આપણે એ દ્રષ્ટાને કોઇ દ્રશ્યની જેમ જોવા માંગીએ છીએ જે અતાર્કીક છે, જે દ્રષ્ટા છે તે દ્રશ્ય બની શકતો નથી **- શાહબુદ્દીન રાઠોડ**
- સૂરજ જેવા આત્માનું અજવાળું આપણને વિચારોના ધુમ્મસને કારણે દેખાતું જ નથી જે કંઇ હટાવવાનું છે એ વિચારોના ધુમ્મસને હટાવવાના છે **- ફાધર વાલેસ**
- દ્વેષ કરનારો પોતાનું પૃથક્કરણ કરે તો થોડા વખતમાં જ એને પોતાના માટે નફરત થઇ જાય **- ઇશ્વર પેટલીકર**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

જે સાધુ-સંતો-બાવાઓ મોટી મોટી સભાઓ ભરી જગતને સુધારવા નીકળી પડ્યા છે એમને સંદેશ આપતી આ બોધકથા છે :

બાયઝદ એક સૂફી સંત હતા. વૃદ્ધાવસ્થા થઇ હતી. કબ્રસ્તાનમાં પોતાના જ દફન માટે ખાડો ખોદવતા હતા. ખાડો ખોદનાર યુવાન સંસ્કારી-જિજ્ઞાસુ હતો. બાબા ને ઓળખતો હતો. એણે પુછ્યું. બાબા! આપે જિંદગીભર અલ્લાહ-તાલા-ખૂદા-પ્રભુને પ્રાર્થના-બંદગીમાં શું કહેતા?

બાયઝદે સરળ સ્મિત સાથે કહ્યું, ભાઇ, મારી પ્રાર્થના, અવસ્થા પ્રમાણે બદલતી રહી છે :

- જયારે હું નાનો હતો ત્યારે બંદગીમાં કહેતો 'અલ્લાહ! મને વિશ્વમાં પરિવર્તન આણી શકું એવી શક્તિ આપ!'

- પછી યુવાન થયો ત્યારે મને સમજ પડી હું વિશ્વને બદલાતી શકીશ નહીં અને મારા દેશ-ગામ અને મારા પરિવારના લોકોને બદલવાની પણ મારી શક્તિ નથી. તેથી કહેતો- હે પ્રભુ મારી તદ્દન નજીકના લોકોને સમજાવી શકું તેનો સ્વભાવ બદલી શકું એટલી શક્તિ આપ!

- પણ, આજે જયારે એક પગ કબરમાં છે ત્યારે સાચું ભાન થયું છે હવે-ભગવાનને કહું છું - મારી જાતને સુધારી શકું એટલી સમજ દે ભગવાન!!

Email - sureshchandrabhatt18@gmail.com

# રાષ્ટ્રચેતનાના ધબકારની શબ્દદેહે અભિવ્યક્તિ


## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

આજે આપણે સ્વતંત્ર ભારતના નાગરિકો વિશ્વની સૌથી મોટી લોકશાહી વસ્તી ધરાવતા દેશ તરીકે આપણને ઓળખાવીને ગૌરવ અનુભવીએ છીએ. લોકશાહીમાં લોકનું મહત્ત્વ છે. કોઇ પણ રાષ્ટ્રના અસ્તિત્વ અને વિકાસ સાથે વ્યક્તિના અસ્તિત્વ અને વિકાસનો સીધો સંબંધ હોય છે. વ્યક્તિને રાષ્ટ્ર પ્રત્યેનો પ્રેમ, રાષ્ટ્ર પ્રત્યેની શ્રદ્ધા અને અવિચલ નિષ્ઠા વ્યક્તિને અને રાષ્ટ્રને ઉન્નત બનાવે છે.

ત્યારે આ તબક્કે એમ કહેવાનું મન થાય કે જો આપણે આપણા આ જનતંત્રને મજબૂત કરવું હશે તો રાષ્ટ્ર ચેતના અને અસ્મિતા સાથે દરેક વ્યક્તિ એ અનુસંધાન સ્થાપવું પડશે. રાષ્ટ્રની ભવ્યતા અને દિવ્યતાનો સાક્ષાત્કાર જો આપણે કરવો હોય તો રાષ્ટ્ર જીવન સાથે એકરૂપ એકાકાર થવું આવશ્યક છે. વ્યક્તિ જયારે પોતાની સર્વશક્તિઓ, બધા સદ્ગુણો અને બધી લાક્ષણિકતાઓ રાષ્ટ્રને સમર્પિત કરી દે ત્યારે એ મહામાનવ અને યુગપુરુષ બની જાય છે. વ્યક્તિનો રાષ્ટ્ર, સમાજ, ધર્મ, સંસ્કૃતિ, પરંપરા અને ઇતિહાસ સાથેનો સંબંધ અને એ બધા પ્રત્યે પોતાનું કર્તવ્ય - એ જેના ચિંતનનો વિષય રહ્યો છે તેવા રાષ્ટ્રીય ચેતના સાથે બોધપૂર્વકસંલગ્ન અને જેમની ચેતનામાં રાષ્ટ્રીય ચેતનાનો વાસ છે તેવા લેખક હર્ષદભાઇ શાહના પુસ્તક રાષ્ટ્ર ચેતનાની વાત મારે આજે તમને કરવી છે.

પ્રત્યેક રાષ્ટ્રને પોતાનું કેન્દ્રસ્થ તત્ત્વ હોય છે જેના આધારે તેની આજુબાજુ રાષ્ટ્રની પ્રજા, સંસ્કૃતિ અને પ્રજાની જીવનશૈલી આકાર ધારણ કરે છે. જેમ કે ઇટાલી કળા અને સાહિત્યનું કેન્દ્ર છે. ઇંગ્લેન્ડ રાજકીય ડહાપણનું કેન્દ્ર છે. જર્મની શક્તિનું કેન્દ્ર છે. ચીન એ ઉદ્યમશીલતાનું કેન્દ્ર છે. તો ભારત ? ભારત આધ્યાત્મનું કેન્દ્ર છે. તેથી ભારતની રાષ્ટ્રીય ચેતના અધ્યાત્મથી રસબસ થયેલી છે.




આ પુસ્તકમાં રાષ્ટ્રીય ચેતના એટલે શું? એ વાતને લેખકે ખુબ જ વિસ્તૃત રીતે સમજાવવાનો પ્રયાસ કર્યો છે અહીં આપણે જોઇ શકીએ છીએ લેખકની રાષ્ટ્રીયમાંથી પસાર થતાં તે ચાલીસ પ્રકરણોમાં વહેંચાયેલું છે. જેમાં રાષ્ટ્રીય ચેતનાનો ધબકાર અહીં શબ્દદેહે અભિવ્યક્ત થયો છે. યુવાનોમાં રાષ્ટ્રીય ચેતનાને જાગૃત કરી શકે તેવી અઢળક સામગ્રી આ પુસ્તકમાં સંગ્રહિત છે. લેખકે અનેક ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી રાષ્ટ્રીય ચેતનાને સમજવાનો અને સમજાવવાનો અહીં સફળ પ્રયત્ન કર્યો છે. વિષયને અનુરૂપ ભાષા હોવાથી આ પુસ્તકના પ્રકરણો વેધક બની શક્યા છે. અહિં વિષયનું વૈવિધ્ય પણ ઘણું છે. શિક્ષણ, ઇતિહાસ, વર્તમાનપ્રવાહો, રાષ્ટ્રીય સમસ્યાઓ, દેશભક્તિ આદિ અનેક વિધ વિષયો આ ગ્રંથના પ્રકરણોમાં પરોવાયેલા છે.

આ પુસ્તકમાં શ્રી અરવિંદ, અટલબિહારી વાજપેયી, ગુરુ ગોલવળકર જેવા મહાનુભાવોના શબ્દો મુકાયા છે. તો વળી નાની નાની સુંદર સત્ય ઘટનાઓ પણ મુકાઇ છે. આ બધાથી પુસ્તક રસાળ અને અસરકારક બન્યું છે. અહીં આપણને સાંપ્રત રાષ્ટ્રીય અને વૈશ્વિક સમસ્યાઓ અને પરિવાર જીવન, પરિવાર રાષ્ટ્રનું બધુરૂપ, વ્યક્તિ નહીં રાષ્ટ્ર મહાન એ વાત સાથે સ્વતંત્રતાના સૂરમાંથી વહેતી વ્યથા અને ૧૫મી ઓગસ્ટે સ્વતંત્ર ભારતની સંવેદનાનો પણ સાક્ષાત્કાર થાય છે. લેખકે પર્યાવરણની વૈશ્વિક સમસ્યાનો ભારતીય ઉકેલ પણ બતાવ્યો છે. તે જ રીતે મૂલ્યનિષ્ઠ શિક્ષણ અને કેળવણી ક્ષેત્રના કર્મીઓની ભૂમિકા કે પછી હિન્દુ તત્ત્વજ્ઞાનની નજરે રાષ્ટ્રના આર્થિક સંકટોનું નિરાકરણ જેવા લેખોએ મને ખાસ આકર્ષ્યો છે.

આ પુસ્તકમાંથી કેટલાક અગત્યની અને મહત્ત્વપૂર્ણ કહી શકાય તેવી બાબતો તારવીને અહીં મુકી છે જેમ કે -

- લોકશક્તિનો પ્રભાવ રાજશક્તિ પર હોવો જોઇએ. રાજશક્તિનો પ્રભાવ લોક શક્તિ પર નહીં. ધર્મ (નીતિ)નો પ્રભાવ સત્તા પર હોવો જોઇએ. સત્તાનો પ્રવાવ ધર્મ (નીતિ) પર નહીં.
- માતૃભૂમિમાંથી જ એકત્મતાની અનુભૂતિ જન્મે છે. એકાત્મકતામાંથી જ સામર્થ્યનું સૂજન થાય છે.
- આત્મગૌરવ અને રાષ્ટ્રગૌરવ સાંમજસ્યમાંથી જ સધાશે રાષ્ટ્રનું પુનઃનિર્માણ.
- સમગ્ર રાષ્ટ્ર આપણું અને આપણે રાષ્ટ્રના - એવો અદ્વૈતભાવ જ રાષ્ટ્ર ચેતનાનો આધાર છે.
- ભારતીય જીવનદર્શન કેવળ મનુષ્યના હિત-સુખનો વિચાર કરતું નથી પણ સચરાચર જગત-સમગ્ર જડચેતન સૃષ્ટિના સુખમય અસ્તિત્વનો વિચાર કરે છે. ભારતીય જીવનશૈલી સહ-અસ્તિત્વના મધુર સિદ્ધાંત પર રચાયેલી છે.
- પશ્ચિમનું વૈશ્વિક દર્શન ભૌતિકપ્રધાન છે. જયારે ભારતનું વૈશ્વિક દર્શન આધ્યાત્મના ચૈતન્યથી ઓતપ્રોત છે. અધ્યાત્મ ભારતની ઓળખ છે.
- આત્મગૌરવ અને રાષ્ટ્ર ગૌરવના સાંમજસ્યમાંથી જ સધાશે રાષ્ટ્રનું પુનઃનિર્માણ.

આ ઉપરાંત માતૃભાષા પ્રત્યેના પ્રેમ અને સ્વદેશી ભાવના જેવી બાબતોને લેખકે ઘણી સુંદર રીતે વિગતે રજૂ કરી છે.

'રાષ્ટ્ર ચેતના' પુસ્તકના લેખક હર્ષદભાઇ પ્રભુદાસ શાહનું સાહિત્યિક અને શૈક્ષણિક પ્રદાન ખુબ રહ્યું છે. ગત તારીખ ૧૫મી જાન્યુઆરી ૨૦૧૫ સુધી તેઓ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિનો કાર્યભાર સંભાળતા હતા. તેમણે ચિંતનાત્મક, શૈક્ષણિક, માતૃભાષા ગૌરવ, ઐતિહાસિક અને ચરિત્ર લેખન ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું છે. તેમાં તેમનું આ પુસ્તક 'રાષ્ટ્ર ચેતના' આધારસ્તંભ સમાન લેખી શકાય તેવું છે. રાષ્ટ્ર ચેતના જાગૃતિના કાર્યમાં પ્રેરક નિવડે તેવું આ પુસ્તક આપવા બદલ હું તેમને ધન્યવાદ પાઠવું છું અને પુસ્તકને આવકારું છું.

રાષ્ટ્ર ચેતના
- લેખક - હર્ષદ શાહ
પ્રકાશક - પ્રવિણ પ્રકાશન પ્રા. લિ
લાભ ચેમ્બર્સ મ્યુ.કો.પો. સામે, ઢેબર રોડ, રાજકોટ
કિંમત - રૂા. ૨૦૦
આવૃત્તિ - ૨૦૧૧

# ગમતાનો ગુલાલ તો સહુ કોઈ કરે પણ અણગમતાંનો ગુલાલ કરે તે જ સાચો માનવી કહેવાય

## હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

સંત તુલસીદાસે કહ્યું છે, 'તુલસી ઇસ સંસાર મેં, ભાત ભાત કે લોગ, સબસે હિલમિલ ચાલિયે નદી નાવ સંજોગ' તમે કહેશો, તુલસીદાસે ભલે કહ્યું કે બધાંની સાથે હળીમળીને રહેવું જોઇએ પરંતુ આપણી સ્થિતિની તેમને કયાં ખબર હતી? આજના જમાનામાં ગમતાં કરતા, ન ગમતાં માણસો વધારે જોવા મળે છે. આપણી આસપાસ ઘણાં એવા લોકો હશે કે જેઓ આપણને ગમતાં નહિ હોય! જો આપણે તેમનું એક લિસ્ટ બનાવીશું તો મને લાગે છે કે તે બહું લાંબુ હશે.

ચાલો આજે આપણે ન ગમતી વ્યક્તિઓનું લિસ્ટ બનાવીએ. શરૂઆત આપણા ઘરમાંથી કરવી પડશે. આપણા ઘરમાં જ એવી વ્યક્તિઓ મળી રહેશે જે આપણને ન ગમતી હોય. કામવાળીથી માંડીને દાદા-દાદી, સાસુ-સસરા, દેરાણી-જેઠાણી, જેઠ-મોટાભાઇ, બા-બાપુજી અને જો બીજાં સગા-વહાલાંના નામ ઉમેરીએ તો મોંઘવારીની જેમ લિસ્ટ વધતું જશે. ત્યારબાદ પડોશીઓ, ઓફિસ કે ધંધાના માણસો, કેટલાંક મિત્રો, લેખકો, સંગીતકારો, ગાયકો, ફેરિયાઓ, નેતાઓ, અભિનેતાઓ, અભિનેત્રીઓ, સિરિયલના પાત્રો, ચિત્રકારો, સરકારી ઓફિસરો, પોતાનો બોસ, ડોકટરો, કારીગરો વગેરે વગેરે... આમાંથી દરેકને કોઇને કોઇ નથી ગમતું.

ન ગમતી વ્યક્તિઓ આપણને ઠેર-ઠેર જોવા મળે છે. ટ્રેનમાં મોટેમોટેથી વાતો કરતી હોય તેવી વ્યક્તિ, બેંકની લાઇનમાં વચ્ચે ઘૂસનારી વ્યક્તિ, સભામાં લાંબુલચક ભાષણ આપનારી વ્યક્તિ, થિયેટરમાં અવાજ કરતી વ્યક્તિ, બસ ધીમેથી ચલાવતો ડ્રાઇવર, પરીક્ષામાં ઓછા માર્કસ આપતો શિક્ષક, લાંચ માગતો સરકારી ઓફિસર, પ્રેમની પ્રપોઝલ ઠુકરાવતી યુવતી, બોગસ માલ પધરાવીને છેતરતો દુકાનદાર. આવી તો અનેક વ્યક્તિઓ રોજરોજ આપણને ભટકાતી હશે. જો આ બધાના કારણે આપણો મૂડ ખરાબ કરીએ તો આખો દિવસ જ નકામો જાય. આ બધાથી છૂટવાનો એક જ રસ્તો છે - તેમને ગણકારશો નહિ, તેમને બને ત્યાં સુધી એવોઇટ કરો. તેમનાં વિશેના નકારાત્મક વિચારો મનમાંથી કાઢી નાખો. તેમની સાથે ઝઘડો કરીને પોતાને ખરાબ ચીતરશો નહીં. કોઇનાં પ્રત્યેની નફરત, કોઇનાં પ્રત્યેનું વૈમનસ્ય છેવટે તો આપણું જ નુકશાન કરે છે.

માઇક્રોસોફ્ટ કંપનીના સ્થાપક બિલ ગેટ્સે કહ્યું છે, 'તમને ન ગમતાં માનવી સાથે પણ સૌજન્યથી વર્તો, શી ખબર તેની સાથે જ કામ કરવાના દિવસો આવી જાય. ન ગમતાં માણસો સાથે સારી રીતે વર્તવું ખૂબ જ અઘરું કામ છે, જોકે મુશ્કેલ નથી. તેથી શરૂઆત આપણે ઘરમાંથી જ કરવી પડે. ઘરમાં ન ગમતી સામે અણગમો ન રાખતાં તેની સામે હસીને વાત કરવાથી ગમતી ન હોય, સમય જતાં તે ગમવા પણ લાગે! જે વ્યક્તિ આપણને પસંદ ન હોય તે સામે આવે ત્યારે આપણા મનમાં નકારાત્મક વિચારો આવવા લાગે છે જે વિચારોની અસર આપણા ચહેરાના હાવભાવ પર પડે છે, જેના કારણે તે વ્યક્તિ પ્રત્યેનો અણગમો છતો થઇ જાય છે. સામેવાળી વ્યક્તિ પણ આપણા ચહેરા પરના ભાવ જોઇને આપણે તેના વિશે શું વિચારીએ છીએ તેનું અનુમાન કરી લે છે. પ્રયત્નપૂર્વક કોઇનાં પ્રત્યેનો અણગમો છુપાવવો સહેલું કામ નથી પણ જો સતર્કતાથી આ કામ કરવામાં આવે તો સમય જતાં આપણે તેને સારી રીતે કરી શકીશું. જેને એક્ટિંગ આવડતી હોય તે આ કામ બહુ સારી રીતે કરી શકે. આમ પણ રોજબરોજની લાઇફમાં આપણે અનેક જગાએ અનેક વ્યક્તિઓ સાથે અભિનય કરતાં જ હોઇએ છીએ, જેની આપણને પણ ખબર હોતી નથી.'

સરકારી ઓફિસમાં, ખાનગી કંપનીમાં કે દુકાનમાં નોકરી કરતી વ્યક્તિને ભાગ્યે જ તેનો બોસ ગમતો હશે. ગમે તેવા અણગમતા બોસ સાથે આપણે કેવી રીતે વર્તીએ છીએ? અંદરથી ભલે આપણે બોસને ધિક્કારતા હોઇએ, બહારથી તો આપણે સૌજન્યપૂર્વક જ વર્તીએ છીએ. બસ આ જ રીતે આપણે બીજી વ્યક્તિઓ સાથે વર્તવાની જરૂર છે. મારા એક મિત્રએ તો આ કળા એટલી આત્મસાત કરી દીધી છે કે તે કોઇ પણ વ્યક્તિ સાથે સૌજન્યપૂર્વક વર્તી શકે છે. તેનો ચહેરો સદાય હસતો જ હોય. નાની મોટી દરેક વ્યક્તિને તે સારી રીતે બોલાવે છે. ઘરમાં પણ તેને કોઇ દિવસ તેની પુત્રવધૂ સાથે ખટરાગ થયો નથી. કોઇ દિવસ શાકમાં મીઠું વધારે પડી જાય તો પણ તે શાકને દાળભાત સાથે મિક્ષ કરીને ખાઇ લે છે. જયારે તેની પુત્રવધુને ખબર પડે કે શાકમાં મીઠું વધારે હોવા છતાં સસરાજીએ ચૂપચાપ ખાઇ લીધું ત્યારે તે સસરાંને કહે, 'સોરી પપ્પાજી આજે શાક ખારું થઇ ગયું હતું. તમે તો મને ફરિયાદ પણ કરી નહિ? વહુની વાત સસરા હસવામાં ઊડાવતાં કહેતા, 'એમાં શું થઇ ગયું બેટા, કોઇક દિવસ એવું થાય, મારા તે મિત્રની એક જ ફિલોસોફી. તમને ન ગમતી હોય તેવી વ્યક્તિને કાં તો મળવાનું ટાળો અથવા તો મળો ત્યારે હસીને બોલાવો.'

ગાંધીજીમાં પણ આવો ગુણ હતો. તમે ગાંધી સાહિત્ય વાંચ્યું હોય તો તમને કોઇ એવો પ્રસંગ નહિ મળે કે જેમાં ગાંધીજીએ કોઇના પ્રત્યે ખરાબ વર્તન કર્યું હોય કે કોઇ વ્યક્તિ માટે ઘસાતું બોલ્યા હોય. ગાંધીજીએ અંગ્રેજો સામે સત્યાગ્રહની લડત શરૂ કરી હતી. આમ જોવા જઇએ તો અંગ્રેજો ગાંધીજીના દુશ્મન હોવા જોઇએ, પરંતુ ગાંધીજીએ તેમને કોઇ દિવસ દુશ્મન ગણ્યા નથી. તેમને અંગ્રેજો વિરુદ્ધ ઝેર ઓક્યું નથી. તેમને અંગ્રેજો સામે અણગમો ન હતો પણ તેમની નીતિઓ સામે વાંધો હતો. અંગ્રેજો તેમને જેલમાં પૂરી દેતાં કે અપમાનિત કરતાં છતાં પણ ગાંધીજી તેમની સાથે સૌજન્યતાથી વર્તતા હતા. તેમનો આ ગુણ ખરેખર દરેક વ્યક્તિએ અપનાવવા જેવો છે ગમતાનો ગુલાલ તો સહુ કોઇ કરે પણ અણગમતાંનો ગુલાલ કરે તે જ સાચો માનવી કહેવાય તો ચાલો આજથી જ આની શુભ શરૂઆત કરીએ...

# પ્રથમ તો એક પક્ષીય છુટાછેટા થઈ શકે નહિં, કોઈ સગાવ્હાલાં ઘરમેળે છુટાછેડામાં સહી લઈ લે તો એ કાયદેસરના 'છુટાછેડા' માન્ય રહેતા નથી

## મહિલા સમાજ અને કાયદો અંક-૭૭

- ડૉ. ભાવના કે જોશીપુરા

ગત અંકમાં આપણે સીમાના પ્રશ્ન અંગે ચર્ચા કરી રહયા હતા. સીમા માત્ર પંદર દિવસ ભારત આવી અને કેટકેટલી મુશ્કેલીઓમાંથી પસાર થઈ તે આપણે જોયું. સીમા ઓસ્ટ્રેલીયામાં રહે છે અને કામ કરે છે. પરંતુ સીમા અને કેયુરના લગ્ન હિન્દુ શાસ્ત્રોકત વિધિથી ભારતમાં, ગુજરાતમાં સુરેન્દ્રનગર મુકામે સંપન્ન થયેલ છે. સીમાને ઉભા થયેલા સવાલો અંગે આગળ જોઈએ તો,

સીમા અને કેયુર રાજકોટ મુકામે પતિ પત્નિ તરીકે સાથે રહેલ નથી. સીમાના સાસરીપક્ષના સગા ઘરમેળે છુટાછેડામાં સહી લેવા રાજકોટ પહોંચે છે. સીમાના માતાપિતા તો સંજોગો વસાત કામચલાઉ રાજકોટ રહેવા આવેલ છે. આવા સંજોગોમાં રાજકોટ મુકામે છુટાછેડા કઈ રીતે થઈ શકે? જો કે સીમાને છુટાછેડાનો વિચાર પણ ન હોતો. પરંતુ ઘરે આવેલ વ્યકિતએ બે કલાકમાં છુટાછેડામાં સહી માટે ધમકી આપેલ છે.

સીમા જયારે મને મળી ત્યારે એક જ વાત જણાવતી હતી કે આમ એક તરફી કેયુરને મળ્યા વગર, કેયુર સાથે વાત થયા વગર, છુટાછેડાના લખાણમાં સહી કેવી રીતે થાય? વળી સીમાને તો ઓસ્ટ્રેલીયામાં પોતે વસાવેલું ઘર છે, ઘરમાં ઘરેણા, કપડાં, અંગત ચીજવસ્તુઓ બધુ છે. તો એ બાબતે કાયદેસર રીતે શું થઈ શકે ?

પ્રથમ તો એક પક્ષીય છુટાછેડા થઈ શકે નહિં. કોઈ સગા વ્હાલા ઘરમેળે છુટાછેડામાં સહી લઈલે તો એ કાયદેસરના 'છુટાછેડા' માન્ય રહેતા નથી. ખાસ કરીને જેની પાસે પાસપોર્ટ છે અને પરદેશમાં રહેવા ગયા છે તેવી વ્યકિતઓએ અદાલતમાંથી છુટાછેડાનું હુકમનામું મેળવીને પાસપોર્ટમાં નામ બદલવાનું હોય છે. કેયુરના સગા તો માત્ર ધમકી હેતુ ઘરે આવ્યા હશે તેવું અનુમાન થઈ શકે, પરંતુ કેયુર પણ પોતાના રહેણાંકના મકાન માંથી ગુમ થઈ ગયેલ છે. કેયુરના માતા એમ જણાવે છે કે કેયુર ભાઈબંધોને મળવા અને દર્શન સંદર્ભે બહાર નિકળી ગયો છે.

સીમનો જે મુખ્ય પ્રશ્ન હતો તે ઓસ્ટ્રેલીયાથી ઘણી બધી ચીજવસ્તુઓ, પોતાના માતાપિતા, ભાઈબહેન તથા સગા સંબંધી માટે લાવી હતી તે તમામ ચીજવસ્તુઓ તેમજ સીમાના પણ કપડાં, ઘરેણાં વગેરે પતિના ઘરે હતા. સીમાના ચાર દિવસથી એ સંદર્ભે સાસુ અને પતિનો સંપર્ક કરી રહી હતી પરંતુ કોઈ ફોન ઉપાડતા ન હતા. અન્ય સગા મારફત ખબર પડેલ કે સીમાના પતિ અને સાસુ બંન્ને ઘર બંધ કરીને બહાર જતા રહેલ છે.

સીમાએ ઘણો વિચાર કર્યો કે પોલીસ કેસ કરૂં? સંસ્થાનો આશરો લવ? આ બધી મૂંઝવણ વચ્ચે જયારે સંસ્થા મારફત સીમાના સાસુનો સંપર્ક થયો તો તેઓ જણાવે કે તબિયત સારી નથી અને થોડા દિવસ પછી સંપર્ક કરવો. સીમાના સાસુને જણાવવામાં આવ્યું કે તમે ઘરે નહિં પહોંચોતો સીમા ઘરે જવાની છે અને સીમાની ચીજવસ્તુઓ સીમાના સાસુના કબજામાં રાખી શકાય નહિં. કાયદા મુજબ પરિણિત સ્ત્રીની પોતાની ચીજવસ્તુની માલિક એ સ્ત્રી પોતે છે. પોતના જ ઘરમાંથી કોઈ વ્યકિત પોતાની ચીજવસ્તુઓ વાપરે, પોતાની સાથે રાખે તો તે કોઈ ગુનો નથી. જે તે ગામના સમાજ સુરક્ષા અધિકારીને આ અંગે વાકેફ કરવામાં આવ્યા. પરંતુ સીમાને એવી સલાહ આપવામાં આવી કે સીમાએ પોતેજ પોતાની સાસરાના ઘરમાં જવું સાસુને જણાવું કે તેણી સાસુ ભેગી જ રહેવાની છે અને ત્યાંથી જ કેયુર સાથે ઓસ્ટ્રેલીયા જવાની છે.

સીમા પોતાના પતિના ઘરે ગઈ સાસુને આ બાબત જણાવી તો સાસુને તેના ઘરેણાં, કપડાં, બધી ચીજવસ્તુઓ, એ ઘરની બહાર મુકીને સીમાને આપી દીધી. સાસુએ કદાચ કાનુની સલાહ લીધી હશે તેથી તેઓ જાણતા હતા કે જો સીમાને તેની ચીજવસ્તુઓ પરત આપવામાં ન આવે તો સીમા પોલીસ ફરિયાદ કરી શકે છે.

ખેર! સીમા બધો માલસામાન લઈને માતાપિતા પાસે આવી અને અમોને મળી ત્યારે ઓસ્ટ્રેલીયામાં જઈને જો કેયુર હેરાનગતિ કરે તો શું કરવું? ઓસ્ટ્રેલીયામાં કોનો સંપર્ક કરવો તે બધી બાબત જાણવા માંગતી હતી. આમ પણ આ કોલમમાં વિદેશમાં વસતા ભારતીયો વચ્ચે થતા લગ્નો અંગે વિગતવાર ચર્ચા થતા લગભગ રોજ બે થી ત્રણ વ્યકિતઓની કાયદા સંદર્ભે પુછપરછ આવે છે. ખાસ કરીને બધાને પ્રાઈવેટ ઈન્ટરનેશનલ લો એ બાબતે જાણવાની જિજ્ઞાશા છે.

પ્રાઈવેટ ઈન્ટરનેશનલ લો અંગે વિદેશમાં વસતા ભારતીયોના લગ્ન સમસ્યા સંદર્ભે આ પ્રશ્ન રોજબરોજ પુછવામાં આવે છે. અત્રે અગત્યની બાબત એ છે કે વિદેશમાં વસતા ભારતીયોના લગ્નો, લગ્ન અંગેની માન્યતા, પતિ પત્ની વચ્ચેની વિવિધ તકરારો જેવી કે, પતિ અને બાળકોનું ભરણપોષણ, લગ્નના હક પુરા કરવા અંગેની તકરાર, છુટાછેડા અંગેની તકરાર, પત્નીનો મિકલત વિષયક અધિકાર અને સૌથી વિશેષ રીતે બાળકો અંગેના પ્રશ્નો આ તમામ પ્રકારની તકરારો એ જે તે બિનનિવાસી ભારતીયના લગ્ન જે અંગત કાયદા અંતર્ગત થયા હોય તે કાયદાથી નિયંત્રિત થાય છે. આ બાબતને સરળ શબ્દોમાં સમજીએ તો, કોઈ ભારતીય યુવક અથવા ભારતીય યુવતિ કે જે મૂળભૂત રીતે ભારતીય છે. તે વિદેશમાં એન. આર.આઈ. તરીકે રહેતા હોય અથવા તો જે તે દેશમાં સ્થાયી થવાના અધિકાર જે તે દેશના કાયદા મુજબ મેળવ્યા હોય તેવી કોઈપણ વ્યકિતના લગ્ન જો ભારતમાં થયા હોય તો, ભારતમાં જે અંગત કાયદા હેઠળ તેઓના લગ્ન થયા હોય તે કાયદાથી લગ્ન નિયંત્રિત થાય છે. એટલે કે હિન્દુ વિધિથી થયેલા લગ્નને હિન્દુ મેરેઝ એકટ અને જે તે અલગ અલગ પારસી, ક્રિશ્ચન, મોહમેડનને ક્રિશ્ચન મેરેઝ એકટ, પારસી મેરેઝ એકટ અને મોહમેડન એકટ લાગુ પડે છે. આ બાબત તો ભારતમાં ઉભા થતા લગ્નવિષયક વિવાદ સંદર્ભે થઈ પરંતુ જે મુખ્ય બાબત છે એટલે કે,

પ્રાઈવેટ ઈન્ટરનેશનલ લો અથવા કોન્ફલીકટ ઓફ લો એટલે બે માંથી એક પક્ષ અથવા બંને પક્ષ વિદેશી હોય અથવા ઉપર જણાવ્યા મુજબ લગ્ન વિષયક તકરારમાં જોડાયેલી બાબતો એટલે કે છુટાછેડા, ભરણપોષણ, બાળકનો કબજો, મિલકત વિષયક અધિકાર આવી કોઈપણ બાબત સાથે કોઈ વિદેશી કાયદો સંકળાયેલો હોય એવા કિસ્સામાં અદાલત દ્વારા લાગુ પાડવામાં આવતો નિયમો.

આનો અર્થ એ થયો કે બિનનિવાસી ભારતીય અને તેઓના સંદર્ભમાં જયારે પરદેશની અદાલતમાં લગ્ન વિષયક સમસ્યાઓ ઉભી થાય ત્યારે આ સમસ્યાઓ પણ ખાસ કરીને બાળકનો કબજો, છુટાછેડા, ભરણપોષણની તકરાર, મિલકત વિષયક અધિકારો કેટલાક કેસોમાં વારસાગત અધિકારો આવી અનેક જટિલ સમસ્યાઓ જયારે વિદેશની અદાલતમાં ઉભી થાય છે ત્યારે વિદેશમાં વસતા ભારતીય સંદર્ભમાં પ્રાઈવેટ ઈન્ટર નેશનલ લો લાગુ પડે છે. અત્રે કાયદાના અભ્યાસક્રમાં પણ પ્રાઈવેટ ઈન્ટરનેશનલ લોનો સમાવેશ કરવામાં આવ્યો છે તે ઉલ્લખનિય છે.

સીમા અને તેના જેવી અનેક બહેનો પરદેશમાં જઈને પ્રાઈવેટ ઈન્ટર નેશનલ લો સંદર્ભે અદાલતનો આશરો લઈ શકે છે. વિશેષ રીતે ઉલ્લેખ કરું તો આ કોલમ વાંચીને લંડનમાં રહેતી એક દિકરીએ તેના પિતા પાસેથી માહિતી મેળવીને પોતાની સમસ્યા રજૂ કરી છે. મહિલા અને કાયદાના સંદર્ભમાં વિશેષ કાયદાકીય બાબતો સાથે મળીએ આવતા અંકે...